નં.જીએડી/ઈએસટી/૧૭૧૫
મધ્યસ્થ મહેકમ વિભાગ,
સુરત મહાનગરપાલિકા,
સુરત. તા.૨/૦૮/૨૦૦૮

વાંચનમાં લીધું:— ૧. રાજ્ય સરકારશ્રીના નાણાંખાતુ, સચિવાલય ગાંધીનગરના તા.૧/૦૪/૦૮ના જાહેરનામા ક્રમાંક (GHN-10) PFT-2008-S.12(1)(17)-TH
૨. રાજ્ય સરકારશ્રીના નાણાંખાતુ, સચિવાલય ગાંધીનગરના તા.૧/૦૪/૦૮ ના જાહેરનામા ક્રમાંક (GHN-13)PFT-2008-S.12(1)(17)-TH
૩. સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના તા. ૨૫/૪/૦૮ ના ઠરાવ નં.૩૨૮/૦૮

**કચેરી હુકમ :-**

વહીવટી સરળતા ખાતર નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

(૧) આમુખમાં જણાવેલ સરકારશ્રીના જાહેરનામાઓ તથા સામાન્ય સભાના ઠરાવથી મળેલ સત્તાની રૂએ ગુજરાત રાજ્ય, વ્યાપાર, વ્યવસાય, ધંધા અને રોજગારવેરા અધિનિયમ-૧૯૭૬ હેઠળ સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં અમલીકરણ સારુ નીચે જણાવેલ અધિકારીઓને તેઓના હાલના હોદ્દાની ફરજ ઉપરાંત તેઓના કાર્યક્ષેત્ર માટે સદર અધિનિયમ હેઠળ ફરજો, કાર્યો, ચલાવવા, બજાવવા, અને અદા કરવા સારુ કલમ-૧૨(૧) (એએ) હેઠળ વ્યવસાય અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવે છે. તેમજ સદર કાયદાની કલમ ૧૨(બી) હેઠળ તેમના નામની સામે જણાવેલ ભૌગોલિક કાર્યક્ષેત્રમાં ફરજ બજાવવાનો હુકમ કરવામાં આવે છે.

| અ. નં. | હાલના હોદ્દાની વિગત | હાલની ફરજનું ભૌગોલિક કાર્યક્ષેત્ર | ગુજરાત રાજ્ય, વ્યાપાર,વ્યવસાય, ધંધા અને રોજગારવેરા અધિનિયમ-૧૯૭૬ હેઠળ નિમણૂંક કરવામાં આવેલો હોદ્દો | ફરજનું કાર્યક્ષેત્ર |
|---|---|---|---|---|
| (૧) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | ઈસ્ટઝોન (વરાછા) | વ્યવસાયવેરા અધિકારી | ઈસ્ટઝોન (વરાછા) |
| (૨) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | વેસ્ટ ઝોન (રાંદેર) | વ્યવસાયવેરા અધિકારી | વેસ્ટ ઝોન (રાંદેર) |
| (૩) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | નોર્થ ઝોન (કતારગામ) | વ્યવસાયવેરા અધિકારી | નોર્થ ઝોન (કતારગામ) |
| (૪) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | સાઉથ ઝોન (ઉધના) | વ્યવસાયવેરા અધિકારી | સાઉથ ઝોન (ઉધના) |
| (૫) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | સેન્ટ્રલઝોન(મુગલીસરા) (ઉત્તર અને દક્ષિણ) | વ્યવસાયવેરા અધિકારી | સેન્ટ્રલઝોન (મુગલીસરા) (ઉત્તર અને દક્ષિણ) |
| (૬) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | સાઉથવેસ્ટઝોન (અઠવા) | વ્યવસાયવેરા અધિકારી | સાઉથવેસ્ટઝોન (અઠવા) |
| (૭) | એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર | સાઉથઈસ્ટઝોન (લીબાયત) | વ્યવસાયવેરા અધિકારી | સાઉથઈસ્ટઝોન (લીબાયત) |
| (૮) | જકાત અમલદાર-૧ | પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ | વ્યવસાયવેરા અધિકારી | પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ તથા શહેરનો સમગ્ર વિસ્તાર |
| (૯) | જકાત અમલદાર-૨ | પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ | વ્યવસાયવેરા અધિકારી | પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ તથા શહેરનો સમગ્ર વિસ્તાર |

(૨) ઉપરોકત તમામ અધિકારીઓએ ડે. કમિશ્નરશ્રી (પ. અન ઈ.) અને નોડલ ઓફિસરશ્રી વ્યવસાયવેરા થી વખતોવખત જે કંઈ સુચનાઓ મળે તે અનુસાર વ્યવસાયવેરા અધિકારી તરીકેની કામગીરી કરવાની રહેશે.

(૩) આ હુકમનો તાકીદની અસરથી અમલ કરવો.

સહી/- એસ.અપર્ણા
મ્યુનિસિપલ કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નકલ સા.રવાના : તમામ વિભાગીય વડાશ્રીઓ / ઈ.ચા.ઝોનલ ચીફશ્રીઓ / મુખ્ય અન્વેષકશ્રી પ્રતિ.... જાણ સારૂ.

નકલ સ. રવાના : મુખ્ય હિસાબનીશશ્રી / વી.આઈ.ઓ.શ્રી / ડી.આઈ.ઓ.શ્રી / તમામ સંબંધિત ખાતાધિકારીશ્રીઓ/ કાર્યપાલક ઈજનેર-પર્સોનેલ ઓફીસરશ્રી (તમામ ઝોન) / જકાત અમલદારશ્રી (પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ) પ્રતિ......જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

૨/૮/૦૮

પર્સોનેલ ઓફિસર (મહેકમ),
સુરત મહાનગરપાલિકા.

પ્રો. ટે. રી. સેલ/ઇન. નં. | ૩૫૪
તા. ૦૨/૦૮/૨૦૦૮

નં.જીએડી/ઈએસટી/૩૬૬૬
મધ્યસ્થ મહેકમ વિભાગ,
સુરત મહાનગરપાલિકા,
સુરત. તા.૨૨/૧૨/૨૦૦૮

**વાંચનમાં લીધો:** ૧. રાજ્ય સરકારશ્રીના નાણાંખાતુ, સચિવાલય ગાંધીનગરના તા.૧/૪/૨૦૦૮ ના જાહેરનામા ક્રમાંક (GHN-10)PFT-2008-S.12(1)(17)-TH
૨. રાજ્ય સરકારશ્રીના નાણાંખાતુ, સચિવાલય ગાંધીનગરના તા.૧/૪/૨૦૦૮ ના જાહેરનામા ક્રમાંક (GHN-13)PFT-2008-S.12(1)(17)-TH
૩. સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાના તા.૨૫/૪/૨૦૦૮ ના ઠરાવ નં.૩૨૮/૨૦૦૮
૪. કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૪૬૫૨ થી ૪૬૬૬, તા.૨૫/૦૧/૨૦૦૭
૫. કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૧૭૧૫, તા.૦૨/૦૮/૨૦૦૮

• • • • •

**કચેરી હુકમ :**

વહીવટી સરળતા ખાતર નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

(૧) આમુખમાં જણાવેલ સરકારશ્રીના જાહેરનામાંઓ તથા સામાન્ય સભાના ઠરાવથી મળેલ સત્તાની રૂએ ગુજરાત રાજ્ય, વ્યાપાર, વ્યવસાય, ધંધા અને રોજગારવેરા અધિનિયમ—૧૯૭૬ હેઠળ સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં અમલીકરણ સારૂ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૧૭૧૫, તા.૦૨/૦૮/૨૦૦૮ થી થયેલ હુકમ ઉપરાંત સદર અધિનિયમ હેઠળ ફરજો, કાર્યો, ચલાવવા, બજાવવા અને અદા કરવા સારૂ કલમ—૧૨ (૧) (એએ) હેઠળ નીચે જણાવ્યા મુજબનાં હુકમો કરવામાં આવે છે.

(અ) જે તે ઝોનમાં આકારણી અને વસુલાત વિભાગમાં ફરજ બજાવતા સેકશન ઓફિસરોની તેઓની હાલની ફરજ ઉપરાંત તેઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર માટે "મદદનીશ વ્યવસાયવેરા અધિકારી" તરીકે પણ ફરજ બજાવવા નિમણૂંક કરવામાં આવે છે.

(બ) આમુખ (૪)માં જણાવેલ કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૪૬૫૨ થી ૪૬૬૬, તા.૨૫—૦૧—૦૭ આથી રદ કરવામાં આવે છે અને જે તે ઝોનમાં ફરજ બજાવતા ગુમાસ્તાધારા નિરીક્ષકોની તેઓની હાલની ફરજ ઉપરાંત તેઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર માટે "વ્યવસાયવેરા નિરીક્ષક" તરીકે પણ ફરજ બજાવવા નિમણૂંક કરવામાં આવે છે.

(૨) ઉપરોકત કર્મચારીઓએ વ્યવસાયવેરા સંબંધિત કામગીરી ઝોનના વ્યવસાયવેરા અધિકારીની સીધી દેખરેખ અને નિયંત્રણ હેઠળ તેમજ પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલના અધિકારીઓ તરફથી વખતો વખત જે કંઈ સૂચનાઓ મળે તે અનુસાર કામગીરી કરવાની રહેશે.

(૩) આ હુકમનો તાકીદની અસરથી અમલ કરવો.

સહી/— એસ.અપર્ણા
મ્યુનિસિપલ કમિશનર
સુરત મહાનગરપાલિકા

નકલ સા.રવાના : તમામ વિભાગીય વડાશ્રીઓ / ઈ.ચા.ઝોનલ ચીફશ્રીઓ / મુખ્ય અન્વેષકશ્રી પ્રતિ.... જાણ સારૂ.

નકલ સ. રવાના : મુખ્ય હિસાબનીશશ્રી / વી.આઈ.ઓ.શ્રી / ડી.આઈ.ઓ.શ્રી / તમામ સંબંધિત ખાતાધિકારીશ્રીઓ/ કાર્યપાલક ઈજનેર—પર્સોનેલ ઓફીસર— એ.આર.ઓ.શ્રી (તમામ ઝોન) / જકાત અમલદારશ્રી (પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ) પ્રતિ......જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

પર્સોનેલ ઓફિસર (મહેકમ),
સુરત મહાનગરપાલિકા.

પ્રો. ટે. રી. સેલ/ઇન. નં. ૫૫૧૨
તા. ૨૩/૧૨/૨૦૦૮